# નોબેલ પુરસ્કાર અને વૈશ્વિક રાજનીતિ; સન્માન વેચાતું નથી, વપરાય છે

ફાયરવોલ
રાજ ગોસ્વામી

અમેરિકન રાષ્ટ્રપતિ (અને હવે વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ) ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલાની વિપક્ષી વિરોધી નેતા મારિયા કોરિના માચાડો વચ્ચે નોબેલ શાંતિ પુરસ્કારને લઈને તાજેતરમાં ઘટેલી ઘટનાએ વિશ્વભરના મીડિયા અને રાજકીય વર્તુળોમાં એક ચિંતા જગાવી છે.

તાજેતરમાં માચાડોને 2025નો નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો. આ પુરસ્કાર મારફતે તેમને માનવાધિકાર, લોકતંત્ર અને શાંતિપૂર્ણ લોકતાંત્રિક બદલાવ માટે સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ટ્રમ્પે એક અભૂતપૂર્વ કાર્યવાહીમાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડીને અમેરિકાની જેલમાં બંધ કરી દીધા તે પછી, 15 જાન્યુઆરી 2026ના રોજ માચાડોએ વ્હાઈટ હાઉસમાં જઈને તેમનો નોબેલ શાંતિ પુરસ્કારનું પદક ટ્રમ્પને સુપરત કરી દીધું હતું.

હવે આ વર્ષના નોબેલ શાંતિ પુરસ્કારના ‘માલિક’ટ્રમ્પ છે. ટ્રમ્પ રાષ્ટ્રપતિ ત્યારથી એવું છડેચોક કહેતા હતા કે મેં દુનિયામાં (ભારત-પાકિસ્તાન સહીત) અનેક ઠેકાણે યુદ્ધ અટકાવ્યાં છે, અને તે માટે મને શાંતિ પુરસ્કાર મળવો જોઈએ. ટ્રમ્પ પહેલા રાજનેતા છે જેમણે સામેથી પુરસ્કાર માગ્યો હોય પણ તે પુરસ્કાર વેનેઝુએલાનાં નેતા મારિયા કોરિના માચાડોને ગયો ત્યારથી ટ્રમ્પ ધુઆઁપુવાં હતા, અને અંતે કાંડું મરડીને તે પડાવી લીધો છે!

પરિણામ એ આવ્યું છે કે આ પ્રશ્ન ટ્રમ્પ અથવા માચાડો સુધી સીમિત રહ્યો નથી પરંતુ નોબેલ શાંતિ પુરસ્કારની પ્રકૃતિ, તેની પ્રતિષ્ઠા અને તેના રાજકીય ઉપયોગ પર પણ ચર્ચા શરૂ થઈ છે. આ વાતને ટ્રમ્પનું ‘ગાંડપણ’ગણીને ખારીજ કરવા જેવી નથી. અલબત્ત, એ તો છે જ પણ તેના ઊંડા અર્થો છે.

સમાચારપત્રો અને ટીવી ચેનલોમાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું કે નોબેલ પુરસ્કાર કોઈ ખાનગી વસ્તુની જેમ ‘આપવા-લેવાની’ચીજ નથી. સમિતિ તરફથી તરત જ સ્પષ્ટતા કરવામાં આવી કે પુરસ્કારનું ટાઈટલ અને સન્માન ક્યારે પણ હસ્તાંતરિત થઈ શકતું નથી. નોર્વેના ટિપ્પણીકારોએ ચિંતા વ્યક્ત કરી હતી કે જો આ પ્રકારની રાજકીય હરકતોને સામાન્ય ગણી લેવાય, તો ભવિષ્યમાં નોબેલ પુરસ્કાર રાજકીય સોદાબાજીનો હિસ્સો બની શકે. એક રીતે તો અહીં નોબેલની પવિત્રતા જ ઝાંખી પડી છે.

અમેરિકામાં પ્રતિક્રિયા વધુ વિભાજિત હતી. ટ્રમ્પ સમર્થક મીડિયાએ અને વિશ્લેષકોએ તેને એક નૈતિક જીત તરીકે રજૂ કર્યું. તેમના માટે આ સંકેત હતો કે દુનિયાના કેટલાક ભાગોમાં ટ્રમ્પને શાંતિ અને બદલાવના સમર્થક રૂપે જોવામાં આવી રહ્યા છે.

જો કે લિબરલ અને ટીકાત્મક મીડિયાએ આખી ઘટનાને ‘રાજકીય નાટક’ ગણાવી છે. તેમની દૃષ્ટિએ, આવી રીતે કોઈકનો પદક પડાવી લેવાથી ન તો ટ્રમ્પ નોબેલ પુરસ્કાર વિજેતા બને છે કે ન તો એનાથી શાંતિ માટેનાં કોઈ ઠોસ કાર્યોની પુષ્ટિ થાય છે. ઘણાં અમેરિકન સમાચારપત્રોએ યાદ અપાવ્યું કે ટ્રમ્પે તેમની જીદને દાદાગીરી કરીને પૂરી કરી છે.

વેનેઝુએલામાં આને રાજકીય રીતે જોવામાં આવે છે, કારણ કે ત્યાં હજુ રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડના સમાચાર તાજા જ છે. ત્યાંના લોકો માને છે કે આ ટ્રમ્પ અને અમેરિકાનું રાજકીય સમર્થન મેળવવાની એક રણનીતિ છે. વેનેઝુએલાના ટીકાકારો કહે છે કે નોબેલ શાંતિ પુરસ્કાર લોકશાહીનાં મૂલ્ય અને લોકોના સંઘર્ષનો પ્રતિક હોવો જોઈએ, બાવડાં ફુલાવાની આંતરરાષ્ટ્રીય હરીફાઈનું સાધન નહીં. જો કે, માચાડોના સમર્થકોનો તર્ક છે કે ટ્રમ્પની નીતિઓએ વેનેઝુએલામાં સત્તા પરિવર્તનની શક્યતા મજબૂત કરી એટલે તેમને પ્રતીકાત્મક રીતે આ સન્માન આપવું ખોટું નથી.

યુરોપના અન્ય દેશોમાં પ્રતિક્રિયા પ્રમાણમાં શાંત પરંતુ ટીકાત્મક હતી. ફ્રાંસ, જર્મની અને બ્રિટનનાં સમાચારપત્રોએ આ ઘટનાને અસામાન્ય અને અસહજ ગણાવી હતી. તેમના અનુસાર, નોબેલ શાંતિ પુરસ્કારની શક્તિ જ એમાં છે કે તે



રાજકારણથી ઉપર રહે. જ્યારે કોઈ વર્તમાન રાજનેતાનું નામ એમાં જોડાય છે, ત્યારે પુરસ્કારની નૈતિક ઊંચાઈ પર સવાલ ઊભા થવા લાગે છે. યુરોપિયન વિશ્લેષકોએ પણ લખ્યું કે આ ઘટના બતાવે છે કે આજના સમયમાં પ્રતીકોનો ઉપયોગ વાસ્તવિક નીતિઓની તુલનામાં એક અસરકારક હથિયાર બની ચુક્યો છે.

આ સંદર્ભમાં અમુક લેખકોએ એ પણ યાદ અપાવ્યું કે ઈતિહાસમાં નોબેલ પ્રાઈઝ લાખો ડોલરમાં વેચાયાની ઘટનાઓ પણ બની છે. 2022 માં રશિયન પત્રકાર અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા દિમિતિ મુરાતોવએ પોતાના મેડલને લીલામ કર્યો હતો અને તે સો મિલિયન ડોલરથી પણ વધુમાં વેચાયો હતો. જોકે, તે પૈસાનો ઉપયોગ યુક્રેન યુદ્ધથી પ્રભાવિત બાળકોને મદદ માટે કરવામાં આવ્યો હતો.

તે પહેલાં વિજ્ઞાન અને સાહિત્ય ક્ષેત્રના કેટલાક વિજેતાઓએ પણ પોતાના મેડલ ખાનગીકારણો અથવા દાન માટે વેચ્યા હતા. આ ઉદાહરણોથી સ્પષ્ટ થાય છે કે મેડલની ભૌતિક કિંમત ઘણી મોટી હોઈ શકે છે, પરંતુ તે પુરસ્કારનો નૈતિક અને ઐતિહાસિક અર્થ બદલાતો નથી. જે વ્યક્તિ એકવાર નોબેલ પુરસ્કાર વિજેતા બની જાય છે, તે હંમેશાં તે જ રૂપમાં ઓળખાય છે, ભલે મેડલ તેના પાસે હોય કે ન હોય.

આ જ મુદ્દે ટ્રમ્પ-માચાડોના મામલાની વાસ્તવિક જટિલતા સામે આવે છે. એક તરફ તે સંપૂર્ણ રીતે કાનૂની છે કે માચાડોએ પોતાનો પદક ટ્રમ્પને આપી દીધો. બીજી તરફ, એટલું જ સ્પષ્ટ છે કે તેનાથી ટ્રમ્પ નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા નથી બનતા. તોય, રાજકારણમાં પ્રતિકોનું મહત્વ એટલું મોટું હોય છે કે આ ફરક ઘણીવાર ધૂંધળો પડી જાય છે. મિડિયાના હેડલાઈન્સમાં “નોબેલ પદક ટ્રમ્પને મળ્યો” જેવ શબ્દો પોતે જ એક અસર ઉત્પન્ન કરે છે, ભલે કાનૂની સત્ય કંઈ પણ હોય.

એ જે હોય તે, પણ હકીકત એ છે કે આ ઘટના આપણા સમયની તુચ્છ રાજનીતિનું પ્રતિબિંબ છે. આજે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે આપસી વિશ્વાસ, સંસ્થાઓ અને નૈતિક

**નોબેલ પુરસ્કાર કોઈ ખાનગી વસ્તુની જેમ ‘આપવા-લેવાની’ ચીજ નથી. સમિતિ તરફથી તરત જ સ્પષ્ટતા કરવામાં આવી કે પુરસ્કારનું ટાઈટલ અને સન્માન ક્યારે પણ હસ્તાંતરિત થઈ શકતું નથી. નોર્વેના ટિપ્પણીકારોએ ચિંતા વ્યક્ત કરી હતી કે જો આ પ્રકારની રાજકીય હરકતોને સામાન્ય ગણી લેવાય તો ભવિષ્યમાં નોબેલ પુરસ્કાર રાજકીય સોદાબાજીનો હિસ્સો બની શકે**

અધિકારો પહેલાથી જ દબાયેલા-પીસયેલા છે, ત્યારે આવી ઘટનાઓ વધુ કડવાશ પેદા કરે છે. એક તરફ આ નોબેલ પુરસ્કારના ગૌરવ માટે જોખમ છે, તો બીજી તરફ તે બદલાતી દુનિયામાં સન્માન અને રાજનીતિના નવા સંબંધનો ઉદય છે.

ટ્રમ્પ અને માચાડોની મુલાકાત સામાન્ય શિષ્ટાચાર નહોતો. આ એવી ક્ષણ હતી જ્યાં ઈતિહાસ, રાજનીતિ, પ્રતીક અને મીડિયાની શક્તિ એક સાથે અથડાઈ. ઈતિહાસમાં નોબેલ શાંતિ પુરસ્કાર પોતાની એક જગ્યા છે- એક એવું પ્રતિષ્ઠિત સન્માન, જેને ન તો ખરીદી શકાય છે કે ન તો સ્થાનાંતરિત કરી શકાય પરંતુ જે રીતે પદકને ‘વાપરવા’માં આવ્યો છે, તેણે એ જરૂર બતાવ્યું કે આજની વૈશ્વિક રાજનીતિમાં પ્રતીકો પણ એટલાં જ અસરદાર છે, જેટલા તેના ફેંસલા. •

# ખાંસી અને હાંસી /ખાંસી થઈ ગઈ

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

અતિશયોક્તિ લાગશે, છતાં કહેવું જોઈએ કે, ઘણા લોકોને ફાંસી કરતાં ખાંસીની બીક વધારે લાગે છે. તેની પાછળનું તાર્કિક કારણ એટલું જ કે તેમને ફાંસી થાય એવી શક્યતા કદી હોતી નથી, જ્યારે ખાંસી ગમે ત્યારે થઈ શકે છે.

પહેલાં સુખ હતુંઃ ‘તળેલું ખાવાથી ખાંસી થાય’- એવું કહી દીધું એટલે નિરાંત. કોઈ સામા સવાલ કરે નહીં, પરંતુ હવે પ્રદૂષિત હવા અને પ્રદૂષિત પાણીથી માંડીને એટલાં બધાં પરિબળ ખાંસી માટે જવાબદાર ઠર્યાં છે કે માણસ મૂંઝાઈ જાય, સચ્ચાઈ જાણવા માટે મોટા ભાગના લોકોને સહેલાઈથી મળતાં સમાધાન વધારે ખપે છે. એવા લોકો માની શકે છે કે, ‘ગયાં જનમનાં પાપને લીધે આ જનમમાં વારેઘડીએ ખાંસી થતી હોવી જોઈએ.’ પૂર્વજન્મ-પુનર્જન્મમાં ન માનતા હોય એવા લોકો પણ એટલું સ્વીકારે છે કે ખાંસી હાલનો જનમ કામચલાઉ ધોરણે વસમો કરી શકે છે.

જેમ એક સમયે શરણાઈ હંમેશાં બીજા કોઈ વાદ્યની સાથે જ સાંભળવા મળતી હતી, તેમ ખાંસી પણ શરદીની સાથે યાદ કરાતી હતી. શરણાઈની જેમ ખાંસીનું સ્વતંત્ર અસ્તિત્વ હોવા છતાં, તેનો સ્વીકાર થતો ન હતો. ખાંસીનો ભોગ બનેલા લોકો પણ કહેતા, ‘કંઈ નહીં. એ તો જરા શરદી-ખાંસી છે. આવી જશે.’ ડોક્ટરો અને ખાસ તો, અનુભવ થકી ડોક્ટર-સમકક્ષ જ્ઞાનનો દાવો ધરાવનારા લોકો કહેતા,‘ખાંસી તો ખાલી નામ છે. અસલી રોગ શરદી છે. શરદી મટે તો ખાંસી (ચપટી વગાડીને) આમ જતી રહે.’ તેમની વાત તત્ત્વાર્થમાં ગમે તેટલી સાચી હોવા છતાં, તેમાં મૂળભૂત રીતે ખાંસીના અલગ અસ્તિત્વનો ઈન્કાર અને તેના પ્રત્યે કંઈક તુચ્છકાર રહેતો. તે ખાંસીગ્રસ્ત જણને અકળાવી શકે એવો હતો.

ખાંસી ખાઈને અધમૂઆ થઈ ગયેલા જણને થાય કે ‘અહીં બે દહાડાથી ખાંસી ખાઈને હાલત ખરાબ થઈ છે ને આ ભાઈને તત્ત્વચર્ચા સુઝે છે? આવા જ્ઞાનનો વઘાર કરવાને બદલે ખાંસી તો ખાંસી ને શરદી તો શરદી, એ રોગ કાઢવાનો ઉપાય હોય તો કહો. બાકી મૂંગા મરો...ને અમને અમારા હાલ પર છોડી દો.’

ખાંસી થાય ત્યારે એલોપથી એક હદથી વધારે અસર કરતી નથી. તેની ગોળી આવે છે ખરી, પણ ગોળી કે ઈન્જેક્શન લીધું કે તરત ખાંસી જતી રહે, એવું બનતું નથી. એવી સ્થિતિમાં ચરક-સુશ્રુતના વારસદાર તરીકે ઓળખાવા થનગનતા લોકોને મોકળું મેદાન મળી જાય છે. આખો ‘આર્યભિષક્’ (આયુર્વેદના નુસખાનો ગ્રંથ) ઉકાળીને, તેનો કાઢો બનાવીને પી ગયા હોય એવા આત્મવિશ્વાસ સાથે લોકો ખાંસીગ્રસ્તની વહારે આવે છે. કોઈને ખાંસી ખાતો જોયો નથી કે તે કહેશે, ‘તમને તો બહુ ખાંસી આવે છે. એક કામ કરો, સુંઠનો ઉકાળો બનાવીને સવાર-બપોર-સાંજ પીઓ અને હા, અંદર તુલસી-મરી-આદુ પીસીને નાખજો. પછી જુઓ, ખાંસી કેવી ઊભી પૂંછડીએ નાસે છે.’ આવી સલાહ અને તેના અમલનો ભૂતકાળનો અનુભવ હોય એવા લોકો કહી શકે છે, ‘એ તો ચાર દિવસથી કરું છું, પણ કશો ફરક પડતો નથી.’



આવું સાંભળીને બીજું કોઈ હોય તો જરા છોભીલું પડી જાય, પણ ડિગ્રી વગરના આયુર્વેદાચાર્યોને કશો ફરક પડતો નથી. એ કહેશે, ‘ઠીક છે. તમે બીજું એક કામ કરો. ફલાણો પાઉડર અને ઢીકણું ચાટણ મધમાં સરખા ભાગે ભેળવીને સવાર-સાંજ બે ટાઈમ લેજો. આ પાઉડર તમને અમુકતમુક ગાંધીની દુકાને મળી જશે. ત્યાં મારું નામ આપજો. બેસ્ટ ક્વોલિટી કાઢી આપશે. હું બારે મહિના ત્યાંથી જ લઉં છું.’ મદદરૂપ થવાનો તેમનો ઉત્સાહ અને નિષ્ણાત તરીકેનો દાવો સાંભળીને તેમને એવું તો પૂછાય નહીં કે ‘તમારે બારે મહિના તેની કેમ જરૂર પડે છે?’ અને ધારો કે પૂછી પણ લીધું તો તે કહેશે, ‘કદી શરદી-ખાંસીથી ન થાય એટલે.’ આવું કહ્યા પછી તરત તે છીંક કે ખાંસી ખાય, તો પણ એવું અપેક્ષિત હોય છે કે સાંભળનારે તેમની દાવા પ્રત્યે શંકા કરવી નહીં.

સામાન્ય સંજોગોમાં આવી સલાહો ન ગણકારનારા ખાંસીથી એટલા ત્રસ્ત થઈ જાય છે કે મરણીયા થઈને ‘પથ્થર એટલા પૂજે દેવ’ના ન્યાયે, બધા અખતરા કરવા તૈયાર થઈ જાય છે. મધ અને ચાટણનો અખતરો નિષ્ફળ નીવડ્યા પછી તે સલાહકારને ફરિયાદ કરે, તો પણ તે જરાય મોળા પડતા નથી. આત્મવિશ્વાસથી કહે છે, ‘નક્કી, ચાસણીવાળું મધ આવી ગયું હશે. એનાથી તો ઉલટું ખાંસી વધે. તમે એક કામ કરો...’ પણ હવે ખાંસીનો ભોગ બનનારની ધીરજ ખૂટી ચૂકી હોય છે. એટલે તે એકેય કામ કરવા તૈયાર થતા નથી.

**ખાંસવાની ક્રિયા માણસને કામચલાઉ ધોરણે ઘોડા-ગધેડા-ખચ્ચર જેવા પ્રાણીનું સ્વરૂપ આપી દે છે અથવા તેની ખાંસીથી અકળાતાં આજુબાજુનાં લોકોના મનમાં એવા કુવિચારો આવી જાય છે**

ખાંસીની બિમારી સાંભળવામાં જેટલી નિર્દોષ લાગે છે, એટલી જ વાસ્તવમાં તે ખતરનાક છે. ખાંસવાની ક્રિયા માણસને કામચલાઉ ધોરણે ઘોડા-ગધેડા-ખચ્ચર જેવા પ્રાણીનું સ્વરૂપ આપી દે છે અથવા તેની ખાંસીથી અકળાતાં આજુબાજુનાં લોકોના મનમાં એવા કુવિચારો આવી જાય છે. ચોક્કસ પ્રકારની ઉધરસ માટે ‘ઘોડા-ઉધરસ’ એવો શબ્દપ્રયોગ પ્રચલિત હતો. આવી કે એ પ્રકારની બીજી ખાંસી ક્યારેક આસપાસના લોકોની સહિષ્ણુતાની કસોટી કરે છે. ત્યારે ખાંસી ખાનાર પાસે એક જ આશ્વાસન-કમ-ધમકી હોય છે કે ખાંસી રશિયા-ચીનમાં હતા એવા નહીં, ખરેખરા સામ્યવાદમાં માને છે. એટલે આજે મને, તેમ કાલે તમને પણ તે વળગશે. તે વખતે હું તમારી પ્રત્યે અનુકંપા રાખું તેમ ઈચ્છતા હો, તો તમે પણ અત્યારે સખણા રહો.

હવે ખાંસી ખાનારા ગુજરાતીઓ પર સામ્યવાદી હોવાનો આરોપ થાય તો નવાઈ ન લાગવી જોઈએ.•

## ઈશિતાનું અલકમલક

### આવો, મળીએ ‘કરોડપતિ’ એવા ભિખારીને...

અનેક લોકો દુનિયાની દૃષ્ટિએ કરોડપતિ-અબજોપતિ હોય છે, એમની આવકના આંકડા જોઈને આપણા જેવાને ચોરસ ચોરસ ચક્કર આવી જાય. અવારનવાર શ્રીમંતોની યાદી તૈયાર કરતાં ‘ફોર્બ્સ’ કે ‘ફોરચ્યુન’ જેવાં મેગેઝિન્સમાં અવારનવાર એમનાં નામ પણ ગાજે... જોકે આમાંના કેટલાક તો સ્વભાવે સાવ કંજૂસ, ‘ચમડી તૂટે પણ દામડી ના છૂટે’ એવા... આવા બધા કરોડ કે અબજોપતિઓ વચ્ચે એવા પણ કેટલાક હોય છે જે આલીશાન ઘરમાં નથી રહેતા. એમનું એડ્રસ Care of ફૂટપાથ છે, જેની ઉપર હોય છે ખુલ્લું આકાશ... આ લોકો પણ કડી જહેમત કરતાં હોય છે. જ્યાં જ્યાં ધર્મસ્થાનકો હોય છે એવાં જુદાં જુદાં સ્થળો ઉપરાંત ભરચક જામના ટ્રાફિક સિગ્નલ પર એ લોકો એક જ કામ કરે છે દયામણું મોઢું બનાવી હાથ લંબાવી ભીખ માંગે છે... અને માઈન્ડ યુ, આવી રીતે ભીખ એકઠી કરીને આ લોકોમાંથી કેટલાકે આજે લાખો-કરોડની માલમિલકત બનાવી છે! આવા લોકોને ‘ભીખમંગા’ કે ‘ભિક્ષુક’ કહેતા પણ કોઈને સંકોચ થાય એવી બે વ્યક્તિની વાત હમણાં જાહેરમાં આવી છે. આમાંથી એક છે ઈન્દોરની તો બીજી છે આમચી મુંબઈની... ઈન્દોરના ભીખમંગાનું નામ પણ એના ધંધા અનુસાર જ ‘માંગીલાલ’ છે. આ માંગીલાલ વિકલાંગ હોવાથી એક જ વિસ્તારમાં, એક જ સ્થળે સ્થાયી રહીને કલાકો સુધી બેસીને ભીખ માંગે. આ ધંધામાં એ કેવો જામી ગયો છે એની ખરી જાણ તો બહારના લોકોને હમણાં થઈ અને એ પણ અનાયાસ થઈ.





તાજેતરમાં ઈન્દોર સુધરાઈ શહેરના રસ્તા પરથી ભિક્ષુકોને હટાવવાની ઝુંબેશ ઉપાડી એમાં આ માંગીલાલ પણ ઝડપાયો પછી રાબેતા મુજબની ઊલટતપાસમાં જે જાણવા મળ્યું એ સાંભળીને સુધરાઈવાળા અવાક્ થઈ ગયા... વર્ષો સુધી ભીખ માંગી માંગીને રસ્તા પરનો એ ભિખારી તો કરોડપતિ થઈ ગયો હતો... પોતાના જમાવેલા આ ધંધામાંથી એ ત્રણ પાકાં મકાનનો માલિક હોવા ઉપરાંત ખુદ પોતાની ત્રણ ઓટોરિક્ષા અને એક ડિઝાયર કાર પણ એ ભાડે ફેરવે છે! આટલું ઓછું હોય તેમ એક કુશળ વેપારીની જેમ બચાવેલી રોકડ રકમ એ વેપારીઓને ધીરીને તગડું વ્યાજ પણ વસૂલે છે! ચોક્કસ દિવસે એ વેપારી પાસે વ્યાજની રકમ ખુદ લેવા જાય ત્યારે પણ આ માંગીલાલ એ સ્થળેથી ભીખ માગવાનું ચૂકતો નથી... ધંધો પહેલાં, સાહેબ! ઈન્દોરના માંગીલાલને ય ટક્કર મારે એવો એક કરોડપતિ ભિખારી આમચી મુંબઇમાં પણ છે. એનું નામ છે ભરત જૈન. પહેલેથી જ પરિવારની આર્થિક દશા બહુ ખરાબ. પોતે ભણી શક્યો નહીં. કોઈ ખાસ આવડત પણ ન હતી એટલે બે ટંક પેટ ભરવા એણે ભીખ માગવી શરૂ કરી. ‘નિષ્ઠાથી થતાં કોઈ પણ કામધંધો કોઈ પણ ધરમ કરતાં નાનો નથી હોતો’ જેવો ફિલ્મી લાગે એવો ડાયલોગ આ ભિખારીબાબુએ જાણે અપનાવી લીધો હોય તેમ એ રોજ ૮ થી ૧૨ કલાક ભીખ માગે છે. ‘છત્રપતિ શિવાજી મહારાજ રેલવે ટર્મિનસ’(વીટી સ્ટેશન) સંકુલ તથા આઝાદ મેદાન જેવા ભરચક વિસ્તારમાં એ પોતાનો આ ભીખ માગવાનો ધંધો કરે છે. વર્ષોની આ જહેમત પછી આજે ભરત દર મહિને રૂપિયા ૭૫ થી ૮૦ હજાર રોકડા કમાઈ લે છે! પોતે ભણી ન શક્યો પણ એનાં બન્ને સંતાન આજે શહેરની સારી કોન્વેન્ટ સ્કૂલમાં ભણે છે અને પોતાની ભીખની આ ‘આવક’ને બરોબર કામે લગાડીને પોતે એક ડુપ્લેક્સ ફ્લેટમાં રહે છે અને આજે મુંબઈ જેવા મહાનગરમાં બે કરોડથી વધુ કિંમતના એ બે ફ્લેટ ઉપરાંત બે દુકાનનો માલિક પણ છે, જેનું એને દર મહિને રૂપિયા ૩૦-૩૫ હજારનું ભાડું પણ મળે છે. આમ ભરતની કુલ સંપત્તિ ૮ કરોડથી વધુ છે અને આજે દેખાવે સાવ લઘરવઘર લાગતા આ ભરતની ગણના દુનિયાના સૌથી શ્રીમંત ભિખારી તરીકે થાય છે! મજાની વાત એ છે કે આવા ખમતીધર ગણાતા ઈન્દોરના પેલા માંગીલાલ તથા મુંબઈના આ ‘મિસ્ટર ભિખારી’ને આપણા કાર્યક્ષમ ગણાતા ઈન્કમ ટેક્સ વિભાગની એક પણ ‘કારણદર્શક’ નોટિસ આજ સુધી મળી નથી!

### બદનામીમાં પણ નામ અવ્વલ નંબરે...



કોઈ પણ ક્ષેત્રમાં અવ્વલ રહેવું એ ગર્વની વાત છે. આપણે એટલે કે ભારતે આવી અનેક યશસ્વી સિદ્ધિઓ મેળવી છે એ જ રીતે અનેક પ્રકારની બદનામીમાં પણ એ નંબર-વન સાબિત પણ થયું છે. આમ તો વીતેલાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ભારતે રમતગમતમાં અનેક યશગાથા ઉમેરી છે પણ આ જ ક્ષેત્ર એવું છે જેમાં સૌથી વધુ બદનામી પણ મેળવી છે. રમતગમત સ્પર્ધા વખતે કોઈ પણ પ્રકારની ઉત્તેજના વધારે એવાં ડ્રગ્ઝ વાપરવા પર સખત પ્રતિબંધ છે. સ્પર્ધાની શરૂઆતમાં અને જરૂર પડે તો વિજયી ખેલાડીનું ડ્રગ્ઝ પરીક્ષણ થાય અને એમાં પુરવાર થાય કે એણે કોઈ નશીલા પદાર્થનું સેવન કર્યું છે તો એ ખેલાડી પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. સ્પર્ધા વખતે નશીલાં દ્રવ્યના ઈરાદાપૂર્વકના ઉપયોગની આશંકા સાથે વિશ્વની વિવિધ સ્પર્ધા વખતે ૨૦૨૪માં ખેલાડીઓનાં જે ૭૧૧૩ વિવિધ સેમ્પલ્સ માટે પરીક્ષણ થયું એમાંથી ડ્રગ્ઝનું સેવન કર્યું હોય એવા ભારતીય ખેલાડીના ૨૬૦ સેમ્પલ્સ મળી આવ્યા! નશીલાં પદાર્થનું સૌથી વધુ સેવન કરનારા ભારતીય ખેલાડીઓ પછી બીજા નંબરે ફ્રાન્સ (૯૧) ત્રીજે ક્રમે રશિયા (૭૬), ઈત્યાદિ આવે છે ... બાય ધ વે, ૨૦૨૩માં પણ આપણા ‘રમતવીરો’ આવી બદનામીમાં અવ્વલ પુરવાર થયા હતા!

### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» જગતભરના વાર-મહિના-વર્ષને એની ખાસિયત પ્રમાણે ઓળખાવાની જાણે એક પ્રથા પડી ગઈ છે. એક મુજબ જાન્યુઆરીને ડિવોર્સ અર્થાત છૂટાછેડા- તલાકનો મહિનો કહેવામાં આવે છે, કારણ કે નવા વર્ષના પ્રારંભના આ મહિનામાં સૌથી વધુ છૂટાછેડા થાય છે. બન્ને પાત્ર વચ્ચે મનમેળનો અભાવ, કર્કશતા, આર્થિક સમસ્યા કે પછી લગ્નેતર સંબંધને કારણે યુગલો વચ્ચે તિરાડ પડે છે અને લગ્નમાં ભંગાણ પડે છે. એક સર્વેક્ષણ મુજબ છેલ્લાં ૨૫-૩૦ વર્ષ દરમિયાન જાન્યુઆરીમાં સૌથી વધુ ૩૫% જેટલા ડિવોર્સના કેસમાં વધારો નોંધાયો છે.

» રખડતાં શ્વાનનો પ્રશ્ન આજકાલ આપણી સુપ્રીમ કોર્ટમાં ચર્ચાઈ રહ્યો છે ત્યારે ચોંકાવનારા સમાચાર એ આવ્યા છે કે તેલંગાણાના અનેક ગામોમાં એક જ અઠવાડિયા દરમિયાન ૫૦૦ જેટલા કૂતરાઓને ઝેર આપીને પતાવી દેવામાં આવ્યા છે! આનું કારણ એ કે અહીંની ગ્રામપંચાયતોની ચૂંટણી વખતે એના કેટલાક ઉમેદવારોએ ‘રખડતાં શ્વાનોનો ત્રાસ દૂર કરવાનું વચન’ મતદારોને આપ્યું હતું.

### ઈશિતાની એલચી

**ખરાબ રાજકારણીઓની સરકાર ઉથલાવીને એનાથીય બદતર સરકાર લાવવાનો સફળ પ્રયાસ એટલે ‘ક્રાન્તિ’**